## જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશનમાં પિનાકીન શાહની વરણી

ગાંધીનગર, તા. ૪

જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશનના ગુજરાત રીજીયનમાં ચાલુ વર્ષે ૨૦૧૩-૧૪ માટે તલોદ ગૃપના પ્રમુખ પિનાકીન શાહની ચેરમેન તરીકે બિનહરીફ વરણી થઈ છે.

જૈન સોશ્યલ ગૃપ ઈન્ટરનેશનલ ફેડરેશન ૫૦ વર્ષથી પ્રચલિત સંસ્થા છે. ફોરેન રીજીયન સહિત પુરા ભારતભરમાં ૧૦ રીજીયન ધરાવે છે. તે પૈકી ગુજરાત રીજીયનને ચાલુ વર્ષે બેસ્ટ રીજીયન એવોર્ડ મળ્યો છે. ત્યારે ગુજરાત રીજીયનમાં વર્ષ-૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે તલોદ ગૃપના ડાયનેમિક પ્રેસિડન્ટ પિનાકીન શાહની ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. વરણીને સમસ્ત તલોદ જૈન સમાજ અને જૈન સમાજ અને જૈન સોશ્યલ ગૃપ પરિવાર તલોદે આવકારી છે. ગુજરાત રીજીયન ચેરમેન મનિષ શાહ અને સી.એ. અરવિંદ દોશીનો તલોદ ગૃપે આભાર માન્યો છે.

## જલારામ સેવા સમાજ દ્વારા મહાશિવરાત્રી ઉજવાશે

ગાંધીનગર, તા. ૪

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે શિવપૂજન મુર્તિદાતા જે.ટી. અખાણી દ્વારા બિલિપત્રનો અભિષેક ધ્વજારોહણ, મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. જયેશભાઈ ગટ્ટાના નિવાસેથી શિવ ભગવાનની શોભાયાત્રા નીકળશે. બિલિપત્રોની વ્યવસ્થા સંસ્થાએ કરેલ છે. જિતેન્દ્રભાઈ સેજાણી મંત્રી જલારામ સેવા સમાજે જણાવેલ છે.

## અમિતની ધરપકડ થશે તો પિતા-પુત્ર જેલમાં મળશે

અમદાવાદ,તા.૪

હાઈપ્રોફાઈલ બીએમડબલ્યુ હિટ ૨ન કેસમાં જેલ પાછળ કેદ વિસ્મય શાહના પિતા સામે પણ ફરિયાદ થતાં હવે તેમની પણ ધરપકડ નિશ્ચિત બની છે જ્યારે પોલીસબેડા તથા લોકોમાં એવી ચર્ચા હતી કે, હવે વહેલી તકે અમિત શાહની ધરપકડ થતાં જ બંને પિતા-પુત્ર જેલમાં ભેગા થઈ જશે. વસ્ત્રાપુર પીઆઈ તરફથી સેટેલાઈટ પોલીસ મથકમાં અમિત શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા અકસ્માતમાં મૃત્યુ પામનાર બંને વિદ્યાર્થીઓના પરિવારજનોને કેટલાક અંશે રાહત મળી છે.

# ગુજરાત યુનિવર્સિટીનો ૬૧મો પદવીદાન સમારંભ આજે યોજાશે


### નવ વિદ્યાશાખાના ૫૯૫૩૪ વિદ્યાર્થીને પદવી એનાયત કરાશે

અમદાવાદ, તા. ૪

ગુજરાત યુનિવર્સિટીનો ૬૧મો પદવીદાન સમારંભ આવતીકાલે તા. ૫ માર્ચને મંગળવારના રોજ સેનેટ હોલમાં સાંજે ૫.૦૦ કલાકે યોજાશે. આ પદવીદાન સમારંભમાં કુલ ૫૯૫૩૪ વિદ્યાર્થીઓનો પદવી એનાયત કરવામાં આવશે. સમારંભમાં મુખ્ય અતિથી તરીકે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. ગુજરાત યુનિવર્સિટીનો ૬૧મો પદવીદાન સમારંભ આવતીકાલે મંગળવારે સાંજે ૫.૦૦ કલાકે સેનેટ હોલમાં યોજાશે. આ સમારંભમાં યુનિવર્સિટીની આર્ટસ, કોમર્સ, સાયન્સ એજ્યુકેશન, લૉ, મેડિકલ, ડેન્ટલ, બી.એડ, બીબીએ, બીસીએ વગેરે નવ શાખાના કુલ ૫૯૫૩૪ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે. આ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. કુલાધિપતિ તરીકે રાજ્યના રાજ્યપાલ શ્રીમતી કમલા બેનીવાલ પણ હાજર રહેશે. અતિથિ વિશેષ એનરેબલ ચેમ્બર્સ ઓફ હાઉસ બોર્ડ ઓફ બ્રિટીશ પાર્લામેન્ટના લોર્ડ ધ દલજીતસિંહ ઉપસ્થિત રહેશે.

આમંત્રિત મુખ્ય અતિથિ વિશેષ તથા કુલાધિપતિ રાજ્યપાલ અને યુનિ.ના કુલપતિની હાજરીમાં વિવિધ નવ શાખાના કુલ ૫૯૫૩૯ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે. ગુજ.યુનિ.માં નવા આવેલા કુલપતિ આદેશપાલના આવ્યા બાદ આ સમારંભ સામાન્ય રીતે ઓક્ટોબર-નવેમ્બર માસમાં યોજાતો હોય છે. પરંતુ આ વખતે ચાર મહિનાના વિલંબ બાદ માર્ચ મહિનામાં યોજાઇ રહ્યો છે. આ પદવીદાન સમારંભ ચારથી પાંચ મહિના મોડો યોજાવાથી ઘણા બધા વિદ્યાર્થીઓને જેમને પદવી એટલે કે ડીગ્રીની જરૂર હોય તેમણે ૫૦૦ રૂપિયા ભરીને ડુપ્લીકેટ ડીગ્રી સર્ટી. કઢાવવા પડ્યા હતા. જેનાથી તેમને ઘણી બધી મુશ્કેલી પડી હતી.

પદવીદાન સમારંભમાં સેનેટ સભ્યો તથા સિન્ડીકેટ સભ્યોને પણ આમંત્રણ આપવામાં આવે છે. પરંતુ આ વખતે આવતીકાલે યોજનાર પદવીદાન સમારંભમાં હજી સુધી સેનેટ સભ્યો તથા સિન્ડીકેટ સભ્યોને આમંત્રણ પહોંચાડવામાં ન આવતા વિવાદ ઉભો થયો છે.






ચિલોડા-હિંમતનગર સર્વિસ રોડની બાજુની લોખંડની રેલીંગમાં આખેઆખા ગાબડાં

ગાંધીનગર જિલ્લાના ચિલોડા મોટા ખાતે ચિલોડા-હિંમતનગર જવાના ચાર માર્ગીય રસ્તા પર વાહનો તથા મુસાફરો માટેની સરળ અવરજવર માટે રેલીંગો તથા ફૂટપાથની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ દિન પ્રતિદિન ફૂટપાથ નજીક ગેરકાયદેસર દબાણકારોએ પોતાની વાણિજય પ્રવૃત્તિ આદરતાં ફૂટપાથ પર તો ધંધા-રોજગાર ધમધમી રહ્યા છે જયારે રોડ પરથી ચિલોડા સર્કલથી મહુન્દ્રાપાટિયા સુધીના માર્ગ પરની બંને સાઈડો પર કોઈ ખોટી રીતે અવરજવર ન કરે તેવા હેતુસરથી લોખંડની રેલીંગો નાંખવામાં આવી હતી તેને કોઈને કોઈ પ્રકારે મોટાં ગાબડાં પડતાં રોડ નોંધારો બનતાં અકસ્માતોની શકયતાઓ વધુ પ્રબળ બની છે. જેમાં ચિલોડા સર્કલની આસપાસના વિસ્તારમાં હવે કાટવાળી રેલીંગો અડતાંની સાથે ગબડી પડતાં લોકો માટે જોખમ રૂપ બની છે. જયારે રેલીંગની બાજુમાં પાણીના નિકાલ માટે આર.સી.સી.કેનાલ બનાવી છે જેમાં ખુલ્લી કેનાલ પર કાટવાળી રેલીંગ ઢાંકવામાં આવી છે. અનેકવાર આ ખુલ્લી ગટરમાં મુસાફરો ગબડી પડતાં ઈજાગ્રસ્ત થવાના બનાવો બનતાં રેલીંગનો ઉપયોગ કરવાની ફરજ પડી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# બીએમડબલ્યુ કાંડ : ડૉ. અમિત શાહ ધરપકડના ભયે ફરાર બન્યા

અમદાવાદ,તા.૪

શહેર સહિત સમગ્ર રાજ્યને હચમચાવી દેનાર હાઈપ્રોફાઈલ બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસમાં આરોપી વિસ્મયના પિતા ડૉ.અમિત શાહ વિરુદ્ધ વસ્ત્રાપુર પોલીસ મથકના પીઆઈ મનોજ શર્માએ સેટેલાઈટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટ પોલીસે નાસી છુટેલા ડૉ. અમિત શાહને પકડવા તેના ઘરે ગઈ હતી પરંતુ માત્ર નોકરો સિવાય તેમને કોઈ જ ન મળતાં વિલા મોઢે પોલીસ પરત ફરી હતી.

ઘટનાની મળતી માહિતી મુજબ વસ્ત્રાપુર જજીસ બંગલા રોડ ખાતે ફુલસ્પીડમાં વૈભવી બીએમડબલ્યુ કાર હંકારી બે માસૂમ વિદ્યાર્થીઓનો ભોગ લેનાર વિસ્મય અમિત શાહ અકસ્માત સર્જી ઘટનાસ્થળે જ વાહન મૂકી નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતાં વિસ્મયના પિતા ડૉ. અમિત શાહે વિસ્મયને પોતાના ફાર્મહાઉસમાં સંતાડી દીધો હતો. ત્યારબાદ વસ્ત્રાપુર પોલીસને ખોટા નિવેદન આપ્યું હતું કે જે બીએમડબલ્યુ કારથી અકસ્માત સર્જાયો હતો તે ગાડી તેમનો પુત્ર વિસ્મય નહીં પણ અન્ય એક ડ્રાઈવર ચલાવી રહ્યો હતો તેમજ પોલીસ કાર્યવાહીને ગેરમાર્ગે દોરી સમગ્ર ઘટના ઉપર પડદો નાંખવાનું ષડયંત્ર રચ્યું હતું. જોકે અકસ્માત સમયે ઘટનાસ્થળે હાજર લોકો તેમજ ઘટનાસ્થળેથી મળેલા સીસીટીવી ફુટેજથી સ્પષ્ટ સાબિત થયું હતું કે, અકસ્માત સમયે વિસ્મય શાહ જ કાર હાંકી રહ્યો હતો અને કારમાંથી ઉતરી નાસી છુટયો હતો જેથી વસ્ત્રાપુર પોલીસ મથકના પીઆઈ મનોજ શર્માએ ગત મોડી રાત્રે ૨.૧૫ વાગ્યે સેટેલાઈટ પોલીસ મથકમાં બીએમડબલ્યુ હિટ એન્ડ રન કેસના આરોપી વિસ્મય શઆહના પિતા અમિત નવીનભાઈ શાહ (રહે. ૧૩, માંગલ્ય સોસાયટી, સેટેલાઈટ) વિરુદ્ધ આરોપીને છુપાવવા, પોલીસને ખોટા નિવેદનો આપી પોલીસ કાર્યવાહીને ગેરમાર્ગે દોરવા ફરિયાદ નોંધાવી હતી. વસ્ત્રાપુર પોલીસ મથકના પીઆઈ મનોજ શર્માની ફરિયાદના આધારે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી નાસી છુટેલા અમિત શાહને પકડવા તેના ઘરે પહોચી હતી પરંતુ ત્યાં હાજર નોકરોએ ડો. અમિત શાહ ઘરે ન હોવાનું જણાવ્યું હતું સૂત્રોના જણાવ્યા અનુસાર ડો. અમિત શાહ છેલ્લા ૪ થી ૫ દિવસથી ફરાર છે. પોલીસ નોકરોનું નિવેદન લઈ વિલા મોએ પરત ફરી હતી.

ડો. અમિત શાહ ૨૦૦૫માં મુંબઈમાં કોઇ આર્થિક કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. જેના પગલે રવિવારે મુંબઇ પોલીસ અમદાવાદ આવી હતી અને અમિત શાહના ઘરે તપાસ હાથ ધરી હતી. પરંતુ મુંબઇ પોલીસ પણ વિલા મોંએ પરત ફરી હતી. બીએમડબલ્યુ કાંડ બાદ વિસ્મય શાહ એ દિવસ સુધી ફરાર રહ્યો હતો. અને ત્યાર બાદ પોલીસ સમક્ષ હાજર રહ્યો હતો. તેનાં પિતાએ પોલીસને નિવેદન આપ્યું હતું કે, તે તેના વિશે કંઇ જ જાણતાં નથી. સૂત્રોનાં જણાવ્યા અનુસાર પોલીસે વધુ જ સેટ કર્યા બાદ જ આ ફરિયાદ નોંધાવી છે. જેના કારણે અમિત શાહને ભાગવાનો મોકો મળી ગયો છે. આટલા સુધી પોલીસે અમિત શાહની કોઇ જ પૂછપરછ હાથ કેમ ન ધરી ? પોલીસને જે નિવેદન આપ્યું તે અંગે પોલીસ કેમ તપાસ ન કરી ? આ દરેક સવાલો એક વિષય બનીને રહ્યો છે. અમિત શાહનો પણ ગુનાઈત ઈતિહાસ રહ્યો છે અને હવે બાપ બેટાને જેલમાં એક સાથે જવાનો વારો આવ્યો છે. અત્યાર સુધી ડો. અમિત શાહે ઘણાં કૌભાંડો કર્યા હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ પૈસા તેમજ વગની સામે બધું જ દબાઈને રહી ગયું છે.




ન્યુ મોદીનગરના રહીશોના પ્રશ્નોનું સમાધાન થતાં ઉપવાસીઓના પારણા

મોટા મવા કાલાવાડના ન્યુ મોદીનગરના રહીશો રેશનકાર્ડ, વીજળી અને પાણીની સુવિધા બાબતે હાલાકી ભોગવી રહ્યા છે. જેના નિરાકરણ સ્વરૂપે સમાજ સેવક જેઠાભાઈ પમાભાઈ ધરણા પર ઉતર્યા હતા. જેઓને જનસંપર્ક અધિકારી ચંદ્રેશ કોટક તરફથી હકારાત્મક સમાધાન મળતા ઉપવાસી જેઠાભાઈ પમાભાઈને સંદિપ જ્યોતિકર કોર્પોરેટર અને રમિલાબેન પરમાર કોર્પોરેટરના હસ્તે લીંબુ રસથી પારણા કરાવવામાં આવ્યા હતા.

રાજકોટના ન્યુ મોદીનગર મોટા મવા કાલાવાડના સમાજસેવક જેઠાભાઈએ રેશનકાર્ડ, વીજળી અને પાણી માટેના પ્રશ્નોની કરવાની કાર્યવાહીથી નાયબ કલેક્ટરને વાકેફ કર્યા હતા. પ્રશ્નોના નિરાકરણ લાવવા અધિકારીએ વિશ્વાસ આપ્યો હતો. જેથી ઉપવાસીએ પારણા કર્યા હતા. આ પ્રસંગે સામાજિક આગેવાનો સર્વશ્રી જે.ટી. સિંઘલ, કાયદા સલાહકાર ગુજરાત કર્મચારી ઉત્કર્ષ મંડળ, ગાંધીનગરના ડી.એમ. પરમાર, ઉપપ્રમુખ નાની દશકોશી વણકર સમાજ, એલ.એન. વાઘેલા, કાર્યકર હરિભાઈ વાલેરા, કાર્યકર લાલજીભાઈ મહેશભાઈ, રોહિતભાઈ, મયુરભાઈ વાણીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## શબ્દાવલી - ૪૯૯૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | | ૪ |
| ૫ | | ■ | ■ | ૬ | | ■ | |
| ૭ | | ૮ | | ■ | ૯ | ૧૦ | |
| ■ | ■ | | ■ | ૧૧ | ■ | | ■ |
| ૧૨ | | | ■ | | ■ | ૧૩ | |
| | ■ | ■ | ૧૪ | | ૧૫ | | ■ |
| ૧૬ | | ૧૭ | ■ | ૧૮ | | | ૧૯ |
| | ■ | ૨૦ | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. ખુદનું અભિમાન (૪)
૩. ખામી, ખોટ (૩)
૫. વીતી ગયેલ (૨)
૬. જુદી જુદી જ્ઞાતિ (૨)
૭. ભીંજાયેલ (૪)
૯. ગેલેરી, અગાશી (૩)
૧૨. અલગ-અલગ રહેતું (૭)
૧૩. બધા સાપ... નથી હોતા (૨)
૧૪. કાપડ બનાવનાર (૪)
૧૬. ભૂંડની જાતિનું એક પ્રાણી (૩)
૧૮. રેતનું મેદાન (૨)
૨૦. વહાણ (૩)
૨૧. વાયર, વાળો (૨)

### ઊભી ચાવી

૧. ઘેર આવેલ મહેમાનોનું... કરવું જોઇએ (૩)
૨. અંદર, માહ્ય (૩)
૩. આયુ, વય (૩)
૪. છાશ ઉપરનું પાણી, પરાત્ય (૩)
૮. ઊંટના બચ્ચાને કહેવાય... (૩)
૧૦. ઈર્ષ્યા, દુશ્મની (૪)
૧૧. પગની ધૂળ (૫)
૧૨. ઔષધમાં વપરાતો એક છોડ ખાસ કરી ખાંસી મટાડવા (૪)
૧૫. નાનકડો અણુ (૨)
૧૭. ધૂળ, રજોટી (૨)
૧૯. ભય, બીક (૨)

### શબ્દાવલી ૪૯૯૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) અવદશા (૪) કરીબ (૬) મરજીયાત (૮) ગવન (૯) તમસ (૧૧) તરત (૧૩) તરલ (૧૪) ખમણ (૧૫) કસમ (૧૬) લાડ (૧૭) હાજર (૧૮) તકરાર (૧૯) મરીયા

**ઊભી ચાવી :-** (૧) અવગણના (૨) દમન (૩) શાર (૪) કયામત (૫) રીતસર (૭) જીત (૧૦) તારણહાર (૧૨) તકમરીયા (૧૩) તમ (૧૪) ખડક (૧૫) કરમ (૧૬) લાત

## પાંચ કાઉન્ટ શરૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શરુ કરી દેવાયું છે. માર્ચ મહીના દરમિયાન આવનારી આ વસુલાત ઝુંબેશમાં નિયત સમયે વેરો ભરપાઈ કરનારને વળતર પણ ચુકવવામાં આવશે. જો કે તંત્ર દ્વારા વેરો ઉઘરાવવાનું શરુ કરી દેવાયા બાદ પણ નવા સહિત કેટલાક સેકટરોમાં હજુ બિલ વિતરણની કામગીરી પૂર્ણ થઈ ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે તેની પાછળ બિલ વિતરણની જવાબદારી સંભાળતી એજન્સીને તંત્ર કક્ષાએથી પેમેન્ટ ન થયું હોવાનું પણ સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

## વિદ્યાર્થીઓને ચુસ્ત ડાયટ... ● બીજા પાનાનું ચાલુ

વિદ્યાર્થીઓએ જમીને તરત આડા પડવાનું ટાળવું જોઈએ તેમણે જમીને બે કલાક બાદ પથારીમાં પડવું જોઈએ. એકસપર્ટસનું અવલોકન છે કે વિદ્યાર્થીઓ ઘણીવાર સમય બચાવવા ફાસ્ટફૂડ અને સ્નેકસથી ચલાવી લે છે. જમતી વખતે પણ ચોપડી લઈને બેસે છે જે ઠીક નથી. ફાસ્ટફૂડને બદલે કઠોળ, વેજ ભેળ, હોમ મેઈડ નાસ્તો, શિંગ ચણા, ડ્રાય ફ્રુટ, વેજીટેબલ કટલેટ, ખાખરા, ફ્રુટ, સૂકો ચેવડો જેવી વસ્તુઓ આપી શકાય છે. એકઝામના દિવસોમાં મિશ્ર કરેલા કઠોળ સ્વાદ સાથે શકિત પણ આપતા નાસ્તાના ઓપ્શનમાં બેસ્ટ રહે છે. દુધને સંપૂર્ણ આહાર કહેવામાં આવે છે. જેથી માનસિક અને શારિરીક રીતે પોષણ મેળવવા માટે દુધ જરુરી છે. એકઝામમાં બને તો પેરેન્ટેસે પણ બહાર જમવાનું ટાળવું જોઈએ.

મોર્નિંગ બ્રેક ફાસ્ટ : મિલ્ક બેઈઝ હોટ મિલ્ક, મિલ્ક શેક, દહીં, ફ્રુટ સલાડ

આખું ધાન્ય કોર્નફલેકસ, બટેટા પૌંઆ, ઉપમા, થેપલા, આલુ પરોઠા, ખમણ

ફ્રુટ- એપલ, કેળા, ઓરેંજ, ચીકુ, કીવી, સ્ટ્રોબેરી

લન્ચ : ગુજરાતી થાળી રોટલી, દાળ-ભાત, શાક, રોટલી, સલાડ

શિડયુલ પ્રમાણે ડીનર નક્કી કરી શકાય. જેમાં લાઈટ ડિનર રાત્રિના યોગ્ય રહે છે.

પરીક્ષાના સમયે વિદ્યાર્થીઓમાં ટેન્શન અને સ્ટ્રેસનું પ્રમાણ વધી જાય છે. અચાનક ડાએટ ન બદલતાં એકઝામના થોડા મહિનાઓ પહેલાથી જ પરફેકટ ડાએટ શિડયુલ પેરેન્ટસે બનાવવું જોઈએ. એડવાન્સ ઈમ્પ્લિમેન્ટેશનથી ફાયદો થાય તે સ્વાભાવિક છે. લીલા શાકભાજી અને પોષણ યુકત આહારનો વ્યાપક ઉપયોગ જરુરી બની રહે છે. અભ્યાસની સાથે વિદ્યાર્થીઓને નાસ્તાના ભાગરૂપે ફ્રુટ આપવા જોઈએ. જયારે ડ્રાયફ્રુટસ પણ બેસ્ટ ઓપ્શન છે.

જયારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શરુ કરેલી ટોલ ફ્રી હેલ્પલાઈનનો નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ છે. જેના ઉપર વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ ૨૫ માર્ચ સુધી તેમજ ૮ એપ્રિલથી ૧૬ એપ્રિલ સુધી માર્ગદર્શન મેળવી શકશે.

પરિક્ષાનો એકાદ દિવસ બાકી હોય ત્યારે રિવિઝન કરતાં સમયે એવું લાગતું હોય છે કે આ તો આપણે પહેલી વખત વાંચી રહ્યા છીએ અથવા તો પહેલા વાંચેલું હતું. તેમાંથી કશું યાદ નથી. આવી સ્થિતિ પરીક્ષા દરમિયાન પેપર લખતા સમયે પણ થતી હોય છે. આવી સ્થિતિમાં પાંચ મિનિટ માટે મન શાંત રાખી ઉંડા શ્વાસ લેવા જોઈએ. જેથી મન શાંત બનશે. પરિક્ષામાં પેપર લખતા સમયે ડર રાખ્યા વિના હળવાશથી પ્રશ્નના ઉત્તર લખો.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૧માં ગૌણ ખનીજની સરકારી જમીનમાં બે ક્વોરીલીઝ ૭,૯૩,૧૨૫ મે. ટન ઉતખનન માટે તથા ૨૦૧૨માં સરકારી જમીનમાં રાહત ક્વોરી લીઝ ૧૬,૪૦,૧૯૪ મે.ટન ઉતખનન માટે મંજૂર કરવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૧માં કોઈ લીઝની સ્થળ તપાસ કરવામાં આવેલ નથી. વર્ષ ૨૦૧૨માં એક લીઝની સ્થળ તપાસ કરવામાં આવેલ જેમાં લીઝ ધારકો દ્વારા ગેરરીતિ સામે આવેલ છે.

આવી ગેરરીતિ આચરનાર લીઝ ધારક સામે ૧૪,૯૭૮ મે. ટન સાદી રેતીની ખનીજ કિંમત ભરપાઈ કરવા માટે લીઝ ધારકને નોટીસ આપવામાં આવી હોવાનું પણ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

● કલોલ તાલુકામાં લઘુત્તમ વેતન અંગેના કેસ

કલોલ તાલુકામાં ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ કેટલા ઔદ્યોગિક એકમો સાથે લઘુત્તમ વેતન ધારા ભંગની ફરિયાદો નોંધાઈ તેવા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ અને રોજગાર મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૮૦ ઔદ્યોગિક એકમો સામે આ અંગેના કેસ દાખલ કરવામાં આવ્યા છે.

## આ સરકાર.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

શંકરસિંહે પડકાર ફેંક્યો હતો કે એકવાર લોકાયુક્તની નિમણૂક થવા દો તો ખબર પડશે કે ગુજરાતમાં કેટલો ભ્રષ્ટાચાર ચાલે છે. ગુજરાત એનર્જી હબ નથી. નેશનલ હાઈવે વધ્યા છે પણ સ્ટેટ હાઈવે ઘટ્યા છે. તાતા, એસ્સાર અને અદાણીને ફાયદો કરાવી આપવા સરકાર ૪૦ ટકા પ્રાઈવેટ વીજળી મોંઘાભાવે ખરીદે છે. મુન્દ્રામાં તાતા પાવર સાથે મળીને મોટું કરપ્શન કરવામાં આવ્યું છે. લાંબાગાળાના પીપીએ કરીને ઉદ્યોગોને ફાયદો કરાવ્યો છે.

સત્તાધારી પાર્ટીના સભ્યોના વ્યાપક વિરોધ વચ્ચે શંકરસિંહે કહ્યું કે આ સરકાર ગુજરાતની પ્રજાને ગુમરાહ કરી રહી છે. ભ્રષ્ટાચાર અને મોંઘવારી આ સરકારના કારણે છે. ભારતના બીજા રાજ્યો જ નહીં, આફ્રિકા કરતાં ગુજરાતમાં વધારે ભૂખમરો છે.

## માત્ર બોર્ડ લગાવ્યા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું છે કે આ રેલ પ્રોજેકટ ૧૫ હજાર કરોડ પરતાં પણ તેનું બજેટ વધી જાય તો નવાઈ નહિ અને રાજય સરકારે હમણાં એક જવાબમાં કહ્યું છે કે ૨૦૨૦માં થાય તો ઘણું.

તળપદી ભાષામાં સરકારને આડે હાથ લેતાં શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે ગાંધીનગરના સેકટરોમાં મેટ્રો, મેટ્રો, મેટ્રોના પાટિયા એક વર્ષથી લગાવ્યા છે અને સરકારે જે ફોર્માલીટી કરવી જોઈએ તેવું કંઈ પણ કર્યા વગર ખાલી મેટ્રોની જાહેરાત કરાઈ છે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગરથી અમદાવાદ મેટ્રો થાય, બધા મેટ્રોમાં બેસે પણ મેટ્રો માટે જે ઔપચારિકતા કરવી જોઈએ તે ભારત સરકાર કે બાકીના મંત્રાલયો સાથે એની પણ વિધિનો ક, ખ, , એ, બી, સી, ડીમાં એ શરૂ થયો હોય તો ઘણું કહેવાય.

રાજય સરકારના ગાંધીનગર માટેના બીજા મહત્વાકાંક્ષી પ્રોજેકટ સોલાર સીટીને લઈ પણ શ્રી વાઘેલાએ સરકારને આડે હાથ લેતાં જણાવ્યું હતું કે ગાંધીનગરને સોલાર સીટી બનાવવી છે એના માટે જે કંઈ નાણાંકીય આયોજન કરવું જોઈએ તે સરકારે કર્યું નથી આનાથી વધારે દુઃખદ બીજું શું હોઈ શકે.

## સ્ટેચ્યુ મુકાશે.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્ટેચ્યુઝ મુકવામાં આવનાર છે. અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ય થતી માહિતી અનુસાર સ્વર્ણિમ પાર્કમાં આરસ અને બ્રોન્ઝની બનાવટના વિવિધ ૧૪ જેટલા સ્ટેચ્યુ મુકવામાં આવશે. જો કે આ મામલે હજુ થીમ નિયત કરવા આખરી નિર્ણય લેવાયો નથી. પરંતુ સૂર્યનારાયણ અને યોગાના થીમ આધારિત સ્ટેચ્યુઝ ઉભા કરવામાં આવે તેવી સંભાવના છે. આ મામલે આગામી દિવસોમાં ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજૂ કરાશે ત્યારબાદ આખરી નિર્ણય લેવાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ. ૩ કરોડનો ખર્ચ થવાનો સંભવ છે.

## ગંભીર અકસ્માત.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડ્રાઈવરનું આ ઘટનામાં મૃત્યુ થયું હતું. શહેરી બસસેવા વિટકોસની ડબલડેકર બસ લઈને સે. ૪-એ, પ્લોટ નં. ૨૯/૨માં રહેતો ૩૫ વર્ષિય યુવાન ડ્રાઈવર ગાંધીનગરની ચાંદખેડાનો રૂટ મારી રહ્યો હતો. અચાનક તેને હાર્ટએટેક આવતા તારાપુર સર્કલ પાસે તેણે કાબુ ગુમાવી દીધો હતો અને બસ રસ્તા નીચે ઉતારી દેતા ઝાડ સાથે અથડાઈ ગઈ હતી. આ ઘટનામાં ડ્રાઈવર રામસિંહ ભગવાનસિંહ ચૌહાણને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. ડ્રાઈવરને હાર્ટએટેક આવ્યો હતો કે તેની ગતિ બેફામ હતી તે હજુ સ્પષ્ટ થયું નથી. પોસ્ટમોર્ટમ બાદ તે બાબત સ્પષ્ટ થશે. અડાલજ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી ડ્રાઈવરનો મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો દૌર શરૂ કર્યો છે.

શહેર નજીક ત્રીજા બનેલા ગંભીર અકસ્માતમાં એક મોચી પરીવાર ૪૦૭ ટ્રક લઈને લોકાચારે ગયા હતા. વિધિ પતાવીને સાંજના સુમારે પરત ફરી રહ્યા હતા ત્યારે પુન્દ્રાસણ-ઉવારસદ માર્ગ પર ટ્રકના સ્ટીયરીંગનો ગુટખો તુટી જતાં ટ્રક રસ્તા પર પલ્ટી મારી ગયો હતો. આ અકસ્માતમાં કુટુંબના ૧૦ સભ્યોને નાની-મોટી ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે સદ્ભાગ્યે આ વિસ્તારમાં કોઈ જાનહાનિ થવા પામી નથી. ઉલ્લેખનીય છે કે આજનો સોમવાર ગાંધીનગર માટે ખુબ જ ભારે સાબિત થયો હતો. મોટા ત્રણ અકસ્માતો ઉપરાંત પણ નાના-મોટા બીજા ચારેક અકસ્માતો બનવા પામ્યો હતો.